વન ખાતાના ઘાસના છૂટક વેચાણના દર મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: **FED/WRT/e-file/6/2022/1143/M.**

સચિવાલય ગાંધીનગર

તારીખ: E-Sign મુજબ

**વંચાણે લીધા-**

(૧) વન અને પર્યાવરણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એમએફપી/૧૨૨૦૧૫/સી.ફા.૨૮/એમ, તા.૧૪/૦૯/૨૦૧૫

(૨) વન અને પર્યાવરણ વિભાગના સમાનાંકી ઠરાવ, તા.૨૭/૧૧/૨૪.

(૩) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૦૯/૦૧/૨૫ના પત્ર ક્રમાંક: ઘસચ/૩૪/૩૦૭૫ ll/અ/૧૪૮-૫૩/૨૦૨૪-૨૫.

**પ્રસ્તાવના:**

વન ખાતા દ્વારા ઘાસ વીડી વિસ્તારમાંથી તેમજ ઘાસ બીડોમાંથી ઘાસ એકત્ર કરી સંગ્રહ કરવામાં આવે છે. આ ઘાસ એકત્રિકરણ કરવા સારુ ઘાસ વાઢકામ, પ્રેસિંગ, બેલીંગ કરી ગાંસડીને લેબલ લગાવી ગોદામ/ગંજીના સ્થળ સુધી વાહતુક કરી સંગ્રહિત કરવામાં આવે છે. આ ઉપરાંત આ સંગ્રહિત કરવામાં આવેલ ઘાસના સંરક્ષણ પાછળ પણ ખર્ચ થાય છે. સ્ટાફનો સુપરવિઝન ખર્ચ, ઘાસના સંગ્રહ પછી આવતી ઘટ વગેરે પરિબળો ધ્યાને લઈ ઘાસના દર નક્કી કરવામાં આવે છે.

સંદર્ભ (૨) માં દર્શાવેલ વન અને પર્યાવરણ વિભાગના તા.૨૭/૧૧/૨૪ના ઠરાવથી રાજ્યમાં અછત વિસ્તાર સિવાયના વિસ્તારો માટેના વન ખાતા હસ્તકના ઘાસના છૂટક વેચાણના દરો ૨૦૨૨-૨૩ના વર્ષ માટે (તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૩૦/૦૯/૨૦૨૩ સુધી) મંજુર કરવામાં આવેલ. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે સંદર્ભ (૩)માં દર્શાવેલ તા.૦૯/૦૧/૨૫ના પત્રથી વર્ષ ૨૦૨૩-૨૪ માટે (તા.૦૧/૧૦/૨૦૨૩ થી તા.૩૦/૦૯/૨૦૨૪ સુધી) ઘાસ વેચાણના દરો મંજુર કરવા દરખાસ્ત કરેલ. જે સંદર્ભમાં વર્ષ ૨૦૨૩-૨૪ના સમયગાળા દરમિયાન સંગ્રહ થયેલ ઘાસનું વેચાણ/હરાજીથી નિકાલ કરવા માટેની નીતિમાં નહિ નફો કે નહિ નુકશાનના ધોરણે વન અને પર્યાવરણ વિભાગના સંદર્ભ (૧)માં દર્શાવેલ તા.૧૪/૦૯/૨૦૧૫ના ઠરાવની જોગવાઈ અનુસાર પ્રાથમિકતા મુજબ હરાજી/વેચાણથી નિકાલ/વિતરણ કરવા માટેના દર નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના સમયગાળા દરમિયાન સંગ્રહ થયેલ ઘાસના નિકાલ માટેના છૂટક વેચાણ દર નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | ઘાસ સંગ્રહનુ વર્ષ | વર્ષ ૨૦૨૩-૨૪ માટે ગોદામના ઘાસનો દર પ્રતિ ૧ કિ.ગ્રા. (રૂ.) (તા.૦૧/૧૦/૨૦૨૩ થી તા.૩૦/૦૯/૨૦૨૪) |
|---|---|---|---|
| ૧. | ચાલુ વર્ષનું ઘાસ | ૨૦૨૩-૨૪ | ૧૨.૦૦ |
| ૨. | એક વર્ષ જૂનું ઘાસ | ૨૦૨૨-૨૩ | ૧૨.૦૦ |
| ૩. | બે વર્ષ જૂનુ ઘાસ | ૨૦૨૧-૨૨ | ૯.૮૭ |
| ૪. | ત્રણ વર્ષ જૂનું ઘાસ | ૨૦૨૦-૨૧ | ૯.૫૦ |

અછત અથવા અન્ય આપત્તિ દરમિયાન મહેસૂલ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવે તે દરે માંગેલ જથ્થો વન અને પર્યાવરણ વિભાગે મહેસૂલ વિભાગને આપવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર મહેસૂલ વિભાગ અને નાણા વિભાગની અનુક્રમે તા.૧૫/૦૨/૨૫ અને તા.૨૭/૦૨/૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાગ્નેશ રાઠોડ)

સેક્શન અધિકારી

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, અરણ્ય ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (વિ.અને વ્ય.), અરણ્ય ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
- રાહત કમિશ્નરશ્રી, મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, (રાહત) મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી, (વલસાડ ડાંગ અને નવસારી સિવાય), અ.મુ.વ.સં.શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (વલસાડ ડાંગ અને નવસારી સિવાય) અ.મુ.વ.સં.શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રી ની સીલેક્ટ ફાઇલ .
- સીસ્ટમ મેનેજરશ્રી, વિભાગની વેબસાઇટ ઉપર મુકવા માટે
- એકાઉન્ટન્ટજનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.

*Signature Not Verified*

*Signed by:R N Rathod*
*Section Officer*
*Date:2025.04.07*
*12:18:53 +5:30*